ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# નેપાળના ભૂકંપથી સ્પેસ વેધર અને આયન મંડળમાં પ્રથમવાર બદલાવ

## પ્લાસ્ટીકના કપમાં ચાય અમદાવાદ જ નહીં રાજ્યભરમાં પિવાય છે

નેપાળમાં આવેલો ભૂંકપ વિશ્વના વૈજ્ઞાનિકો માટે સંશોધનનો વિષય બન્યો છે, કારણ કે એપિસેન્ટરના વિસ્તારની ભૂમિના બદલાવ સાથે પ્રથમવાર ભૂકંપના કારણે સ્પેસ વેધર અને આયનમંડળમાં ફેરફારો થયા છે. વડોદરાની ગુરૂદેવ વેઘશાળાના જણાવ્યા પ્રમાણે નાસા તેમજ યૂરોપિયન લ્હાસા સ્થિત વૈજ્ઞાનિક જીપીએસ પ્રણાલીના તરંગોના અભ્યાસથી એવું જણાયું છે કે નેપાળના એપિસેન્ટર થી ઉપરના આયનમંડળના કંપનોમાં બહુમોટો ફેરફાર થયો છે. આ કંપનોને આયનમંડળ થી લ્હાસા સુધીની ૬૪૦ કિલોમીટરની દૂરી નક્કી કરવામાં ૨૧ મિનિટ લાગી હતી...







સ્પેસ એજન્સીઓના ઉપગ્રહના ચિત્રથી સ્પષ્ટ થયું છે કે નેપાળમાં કેટલીક જગ્યાએ જમીન નીચે જતી રહી છે તો કેટલીક જગ્યાએ જમીન ઉપર ઉઠી છે.

**ચાય પે ચર્ચા, પણ પ્લાસ્ટીકના કપમાં નહીં ...**

ચાય પે ચર્ચા થાય પણ ક્યારે, જયારે ચીનાઈ માટીના વાસણમાં ચા પિરસીને કોઈ આપે અથવા તો

## વસતી વધારો : સૌરાષ્ટ્રના આઠ જિલ્લામાં ૫૦૦ સિંહો હોવાનો અંદાજ



## ચાર મિત્રોની કહાની - ફુડ ફોર ઓલ મિશન માટે કારમાં બ્રિટનની સફર

પહેલીવાર આયનમંડળને બદલાયું છે. ભૂકંપ, સુનામી અને જવાળામુખી સ્પેસ વેધરને ડિસ્ટર્બ કરે છે તે સમજાયું છે. આયનમંડળ પૃથ્વીની સપાટીથી ૬૦ કિલોમીટર ઉપરથી ૧૦૦૦ કિલોમીટર સુધી જાય છે જે સૂર્યની અલ્ટ્રા વાયોલેટ કિરણોથી સ્પેસ વેધરને જન્મ આપે છે. નાસાએ આ સ્પેસ વેધર ડિસ્ટબેન્સની પુષ્ટી કરી છે. તિબેટના

કાચના કપમાં ચા પીવા મળે.. પરંતુ હલકા પ્લાસ્ટીકના કપમાં ચા પીવાથી ચર્ચા તો દૂર શરીરમાં એવા કેમિકલ પ્રવેશી જાય છે જે ચા કરતાં અનેકગણું નુકશાન કરે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્લાસ્ટીકના કપમાં ચા આપવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે તે ઉત્તમ નિર્ણય છે. મોડે મોડે પણ સત્તાધિશો જાગ્યા ખરા,

● અનુસંધાન પાન-૭ પર

# આકરી ગરમીથી નગરજનો ત્રાહિમામ

## પારો ૪૨.૬ ડીગ્રી : જનજીવન પ્રભાવિત : બપોરના સમયે નગર સુમસામ

ગાંધીનગર, તા૩

શહેરમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રીની આસપાસથી હટતો નથી. છેલ્લા એક સપ્તાહથી મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળતો નથી.આજે પણ ગરમીનો પારો ૪૨.૬ ડીગ્રી પહોંચી ગયો હતો. રજાના દિવસે ગરમીના આક્રમક તેવરથી દિવસ દરમિયાન નગરના માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. આકરી ગરમીએ સૌ કોઈને બેહાલ બનાવી દીધા છે.ત્યારે શ્રમજીવીઓની હાલત પણ બદતર થઈ ગઈ છે.

શહેરમાં વેકેશનની સાથે આકરી ગરમીની મૌસમ નિખરી છે. સમગ્ર રાજયમાં ગરમીએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યુ છે. જેના પરિણામે જનજીવન ગરમીથી પ્રભાવિત થયુ છે.બપોરના સમયે નાગરિકો ઘરની બહાર નિકળવાનુ ટાળે છે. ગાંધીનગરમાં પણ ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે.નગરમાં ચારેકોર નિખરતી હરિયાળી વચ્ચે પણ ઉનાળાની ગરમી અસહય બની છે. નગરજનો ગરમીથી બચવા ઘરની બહાર ન નિકળતા રજાના દિવસોમાં સન્નાટો જોવા મળે છે. આજે પણ ગરમીનો પારો ૪૨.૬ ડીગ્રીએ સ્થિર રહેતા દિવસનો તાપ અસહ્ય બન્યો હતો. રવિવારની રજા હોવાથી ગરમીથી બચવા નાગરિકોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતું. બપોરના સમયે શહેરમાં અનોખો સુનકાર જોવા મળ્યો હતો.જયારે સાંજ ઢળતા જ શહેરમાં ચહલપહલ વધી ગઈ હતી. રાત્રિના સમયે શહેરીજનો નગરમાં ટહેલવા નિકળી પડયા હતા.

નગરના બગીચાઓ તેમજ સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં નાગરિકોની ભીડ જામે છે. નગરના આઈસ્ક્રીમ પાર્લરો પર ઠંડા થવા પણ ગરમીથી ત્રસ્ત નાગરિકો ઉમટી પડે છે. આકરી ગરમીના દિવસોમાં શ્રમજીવીઓની હાલત કફોડી બની છે. ખુલ્લા આકાશમાં નીચે અસહ્ય તાપ વેઠતા શ્રમિકોને મદદરૂપ થવા સેવાભાવી આગેવાનો પગરખાનુ વિતરણ કરી રહયા છે. રાત્રિના સમયે ઠંડો પવન ફૂંકાતા નાગરિકો રાહત અનુભવે છે. આજે લઘુત્તમ તાપમાન ૨૭ ડીગ્રી રહયુ હતું. સમયાંતરે ફૂંકાતા વરસાદી વાયરા વચ્ચે ગરમીનો પારો પણ ચઢે ઉતરે છે.

# ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવા જિલ્લાતંત્રોને આદેશ

ગાંધીનગર, તા. ૩

ઉનાળાની શરૂઆત થતા જ સૌરાષ્ટ્ર કચ્છના વિસ્તારોમાં પીવાના પાણીની તંગી ઉભી ન થાય તે માટે પાણીના ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવા માટે જિલ્લા કલેકટરોને આદેશ આપવામાં આવ્યો છે.

પાણી પુરવઠા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કાળઝાળ ગરમી સાથે ઉનાળાનો પ્રારંભ થતાં જ રાજ્યમાં કચ્છ સૌરાષ્ટ્રના કેટલાક અંતરીયાળ વિસ્તારોમાં પીવાના પાણીની અછત વર્તાવા લાગી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક ડેમોમાં પાણીનો જથ્થો ઘટવા પામ્યો છે અને ચોમાસાને બેસતા હજુ બે મહિનાની વાર છે. ત્યારે ડેમોમાં નવા પાણીને આવતા વાર લાગે તેમ છે. આ સંજોગોમાં કચ્છ સૌરાષ્ટ્રના જે વિસ્તારોમાં પીવાના પાણીની તંગી વર્તાય છે તે વિસ્તારોમાં પીવાના પાણી પહોંચાડવા માટે કોઈ પણ મર્યાદા વગર અનલિમિટેડ ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા જિલ્લાતંત્રને આદેશો આપવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છના કેટલાક વિસ્તારોમાં ચાલુ વર્ષે અપુરતો વરસાદ થતાં કેટલાક ગામોને અછત જાહેર કરવામાં આવેલ છે. ત્યારે આ ગામોમાં પીવાના પાણી પહોંચાડવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# સફાઈ અને મિલ્કતવેરામાં રાહત આપવા મહામંડળની માંગ

## ત્રણઘણો સફાઈવેરો પાછો ખેંચવા રજુઆત

ગાંધીનગર, તા ૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સફાઈ વેરામાં ત્રણગણો વધારા ઝીંકતા શહેર વસાહત મહામંડળે ભારે નારાજગી વ્યકત કરી મહાનગરપાલિકાની સેવાઓ સક્ષમ બનાવવાની સાથે કરરાહત આપવા પ્રબળ માંગ કરી છે.જયારે નગરમાં ખાનગીરીતે ઉપયોગમાં લેવાતા હેલીપેડ, મહાત્મા મંદિર તેમજ પ્રદર્શનો પાસેથી સફાઈ તેમજ મિલ્કતવેરો વસુલવા પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચના જણાવ્યા મુજબ મહાનગરપાલિકા દ્વારા ડાર ટુ ડોર કચરો એકત્રિત કરવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેના પરિણામે સફાઈના મામલે

● અનુસંધાન પાન-૭ પર

# વેકેશનના પગલે શહેરના બગીચાઓ બાળકોથી ઉભરાયા

## આકરો ઉનાળો અને વેકેશનને કારણે સ્વર્ણિમ પાર્કની હરિયાળી જીવંત બની ગઈ : સરિતા ઉદ્યાન, પુનિતવન, ઈન્દ્રોડા પાર્ક અને સેક્ટરોના બગીચા સમીસાંજથી મોડીરાત સુધી બાળકો માટે મજા-મજાનું સ્થાન બની ગયા



ગાંધીનગર, તા.૩

આકરો ઉનાળો અને વેકેશનના કારણે સાંજના સમયે વસાહતીઓ બગીચાઓમાં રીતસર અડ્ડો જમાવી દે છે. મોડી રાત સુધી સ્વર્ણિમ પાર્કમાં વસાહતીઓની ભારે ભીડ જોવા મળે છે.

ઉનાળુ વેકેશન દરમિયાન ગાંધીનગરનો માહોલ કંઈક અલગ જ જોવા મળે છે. ભારે ગરમીના કારણે આખો દિવસ વસાહતીઓ ઘરની બહાર નીકળતા નથી જેના કારણે શહેરના માર્ગો એકદમ સુમસામ લાગે છે. સેકટરના આંતરિક વિસ્તારોમાં તો બપોરે જાણે કરફયુ હોય તેવો માહોલ જામે છે. આખો દિવસ શહેર આખું સુમસામ રહ્યા બાદ સાંજ પડતાં જ શહેરની રોનક આખી બદલાઈ જાય છે. આખો દિવસ આકરી ગરમીથી કંટાળેલા અને ઘરમાં બંધ રહેલા વસાહતીઓ સાંજ પડતાં જ ઘરમાંથી બહાર નીકળવા માંડે છે. બજારોમાં

● અનુસંધાન પાન-૭ પર

# આર ટી ઈ અન્વયે શહેરની ખાનગી શાળાઓમાં ૩૫૦ બેઠકો ખાલી

## પ્રવેશ નહીં આપનાર શાળાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર,તા૩

ભારત સરકારના મફત અને ફરજિયાત અને શિક્ષણ અને શિક્ષણના અધિકારના કાયદા અંતર્ગત ખાનગી શાળાઓમાં કુલ બેઠકો પૈકી ૨૫ ટકા નબળા અને પછાત વર્ગના વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. આમછતા શહેરની વિવિધ ૧૪ જેટલી શાળાઓમાં આર ટી ઈ હેઠળ ૩૫૦ જેટલી બેઠકો ખાલી છે. આર ટી ઈ અન્વયે કોઈ શાળામાં પ્રવેશ નહિં આપવામાં આવે તેવી ફરિયાદના કિસ્સામાં દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

આર ટી ઈ અન્વયે પછાત વર્ગના વિધાર્થીઓને મફત શિક્ષણ પુરુ પાડવા ધારણ ૧ માં વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. જે અન્વયે શહેરની ખાનગી શાળાઓમાં વિધાર્થીઓને વિનામુલ્યે ધારણ ૮ સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે.પરંતુ વાલીઓની ઓછી જાગૃતતા અને ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવાની ઉદાસીનતાના કારણે હજુ સુધી ૨૫ ટકા બેઠકોની સાપેક્ષમાં તમામ બેઠકો પર પ્રવેશ આપી શકાયો નથી. શહેરની સ્વનિર્ભર શાળાઓમાં આ અન્વયે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવા પણ આચાર્યોને સુચના આપવામાં આવી હતી. આર ટી ઈ એકટ અન્વયે પ્રવેશ મેળવનાર વિધાર્થીઓએ ધોરણ ૮ સુધી કાઈપણ પ્રકારની ફી ભરવાની રહેતી નથી. જયારે વિધાર્થીઓના યુનિફોર્મ તેમજ અન્ય ખર્ચ માટે પણ રૂપિયા ૩ હજાર ચુકવવામાં આવે છે. આ યોજના અન્વયે પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવા કીસ્સામાં વાલીઓને જીલ્લા શિક્ષણાઅધિકારીનો સંપર્ક કરવા જણાવાયું છે. જિલ્લા કલેકટર કક્ષાએથી પણ શાળાઓમાં ૨૫ ટકા મુજબ બેઠકો પર પ્રવેશ આપવામાં આવે તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું છે. આર ટી ઈ યોજના અન્વયે કોઈપણ શાળા પ્રવેશ માટે મનાઈ કરી શકશે નહીં. આમછતા શાળા દ્વારા પ્રવેશ નહી આપવામાં આવે તો કાયદાકીય રીતે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ પણ જણાવાયું છે.

## કઈ શાળામાં કેટલી ખાલી બેઠક

| શાળાનુ નામ | ખાલી બેઠકો |
|---|---|
| સે-૨૨ સ્વામિનારાયણ શિશુ વિહાર | ૫૩ |
| સે-૨૩ જે બી પ્રાઈમરી સ્કુલ | ૪૦ |
| સે-૨૩ સ્વામિ પબ્લીક સ્કુલ | ૩૯ |
| સે-૨૮ વસંતકુંવરબા સ્કુલ | ૪ |
| સે-૫ પ્રેરણા વિધાલય | ૫ |
| સે-૨૩ એસ જી ઈંગ્લીશ મીડી | ૭૮ |
| સે -૨૩ આર એન પટેલ સ્કુલ | ૪ |
| સે ૩૦ પ્રતાપ હીન્દી વિધાલય | ૧૨ |
| સે-૨૩ એમ બી પટેલ | ૨૫ |
| સે-૨૫ રાજ પ્રાયમરી સ્કુલ | ૯ |
| સે-૭ જે એમ ચૌધરી સ્કુલ | ૨૭ |
| સે-૨૫ હીલવુડ સ્કુલ | ૨૪ |
| સે-૭ જે એમ ચૌધરી ઈંગ્લીશ મીડીયમ | ૧૭ |
| સે-૨૩ શ્રી હરી ઈન્ટરનેશનલ સ્કુલ | ૧૩ |

# માનવ અધિકાર આયોગના નવા કાર્યાલયનું ચાર સેવક કર્મચારીઓ દ્વારા લોકાર્પણ

## કર્મયોગી ભવન ખાતે આયોગની નવીન ઓફિસના ઉદઘાટન પ્રસંગે ડો. જસ્ટીસ જે.એન. ભટ્ટની અનોખી પહેલ : પટાવાળાઓ દ્વારા રિબીન કપાવી, કથા અને લોકાર્પણ વિધિ સંપન્ન કરાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે આજે રાજય માનવ અધિકાર આયોગની કર્મયોગી ભવનના બ્લોક નં. ૧ના પાંચમા માળે નવી કચેરીનું ઉદઘાટન કરાયું હતું. આયોગના અધ્યક્ષ ડૉ. જસ્ટીસ જે.એન. ભટ્ટના હસ્તે આ ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં આયોગના કાર્યાલયમાં વર્ષોથી કાર્યરત ચાર સેવકો દ્વારા લોકાર્પણ વિધી સંપન્ન કરવામાં આવી હતી.

ઉદઘાટન પ્રસંગે ડૉ. જે.એન. ભટ્ટે જણાવ્યું હતું કે, 'માનવ અધિકારની શરૂઆત આપણે આપણા કાર્યાલયથી જ કરવી જોઈએ.' આ માટે તેમણે આયોગના કાર્યાલયમાં વર્ષોથી સેવા આપનાર ચાર પટાવાળા સેવકોના હસ્તે રિબીન કાપવાની અને કથામાં યજમાન પદે બેસવાની સહિતની તમામ લોકાર્પણ વિધિ સંપન્ન કરાવી હતી. ઉપસ્થિત તમામ અન્ય કર્મચારીઓ અને મહેમાનોએ તેમની આ પહેલને વધાવી લીધી હતી. ચારેય સેવક કર્મચારીઓ પણ તેમને મળેલા અધિકારથી અભિભૂત થઈ ગયા હતા. ડૉ. જે.એન. ભટ્ટે નવી કચેરીમાં નાગરીકોને ઝડપી ન્યાય અધિકાર અપાવવા નવા જોમ, જુસ્સા અને નવા અભિગમથી કામ કરવું પડશે તેવું જણાવતા હકારાત્મક અભિગમ કેળવવા અનુરોધ કર્યો હતો.



આ કાર્યક્રમમાં માનવ અધિકાર આયોગના સભ્ય એમ.એચ. શાહ, સચિવ નલીન ઠાકર, એડિશનલ ડીજીપી તિર્થરાજ, કાયદા રજીસ્ટ્રાર કે.જે. શેઠ, આયોગના સંયુકત સચિવ ડૉ. આર.જી. જોશી સહિત અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI
Zonal Office : Gandhinagar Zone, BOI Building, Sector 16, Gandhinagar-382016 Ph: 079 23222853
શાખાઓ માટે ભાડેથી જગ્યા જોઈએ છે.
પેથાપુર (સેમી અર્બન) - (૩૮૨૬૧૦) તા.:ગાંધીનગર, જી.: ગાંધીનગર
ભાંડુ (રૂરલ) - (૩૮૪૧૨૦) તા.: વિસનગર, જી.: મહેસાણા
પેથાપુર શાખા માટે ૧૦૦૦ થી ૧૫૦૦ ચો.ફૂટ અને ભાંડુ શાખા માટે ૮૦૦ થી ૧૨૦૦ ચો.ફૂટ જગ્યા જોઈએ છે.
વિગતવાર જાહેરનામું ... www.bankofindia.com ...
રાજીવ પાઠક-ઝોનલ મેનેજર-ગાંધીનગર ઝોન

## શ્રી ભોયણરાઠોડ પ્રાથમિક શાળા

તા.જી. ગાંધીનગર

### હરાજીની જાહેરાત

ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ભોયણરાઠોડ પ્રાથમિક શાળા, તા.જી. ગાંધીનગરના જર્જરિત રૂમો ૨ (બે)ના કાટમાળની હરાજી તા. ૧૧-૫-૨૦૧૫ને સોમવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે શાળાના કંમ્પાઉન્ડમાં રાખવામાં આવેલ છે. જેની શરતો તથા કાટમાળની વિગતો અને કાટમાળની ચકાસણી માટે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરવો.

| પ્રા. શાળાનું નામ | ગામનું નામ | અપસેટ કિંમત | રિમાર્કસ |
|---|---|---|---|
| ભોયણરાઠોડ પ્રા. શાળા | ભોયણરાઠોડ તા.જી. ગાંધીનગર | ૨૧,૩૨૧/- | પ્રથમ પ્રયાસ |

સંપર્ક નંબર
૯૯૦૯૬ ૧૫૮૯૯

શાળા વ્યવસ્થાપન સમિતિ
ભોયણરાઠોડ પ્રાથમિક શાળા
તા. જી. ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com